@ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન ફલાવર આર્ટના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૫.૦૦ થી ૫.૩૦ કલાક ચુરંગના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે લીલોતરી વનસ્પતિના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ રમકડાના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે મુકેશભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૭૮/૧, સે-૨-બી ખાતે શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા શનિવારના રોજ નર્મદા શંકર પંડયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૩૦, સેકટર-૨-ડી ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

● વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન સેકટર-૨૯, શ્રી જલારામ મંદિર ખાતે અખંડ ભારત સંકલ્પ દિન કાર્યક્રમ યોજાશે.

શહેરમાં વિશ્વ ફોટોગ્રાફી દિવસ ઉજવાયો

કેપિટલ કેમેરા કલબ દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે નેચર ફોટોગ્રાફી સ્પર્ધા યોજવામાં આવી

ગાંધીનગર, તા.૧૯

આજે વિશ્વ ફોટોગ્રાફ દિવસ હતો. ગાંધીનગરની કેપિટલ કેમેરા કલબ દ્વારા આ દિવસની ઉજવણી ફોટોગ્રાફી સ્પર્ધા દ્વારા કરવામાં આવી હતી. આ સ્પર્ધા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે યોજવામાં આવી હતી.

કેપિટલ કેમેરા કલબ દ્વારા વિશ્વ ફોટોગ્રાફી દિવસે યોજવામાં આવેલ સ્પર્ધા 'નેચર ફોટોગ્રાફી' અને 'પોર્ટ્રેટ વીથ નેચર' વિષયે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૧૦ જેટલા ફોટોગ્રાફર્સે ભાગ લીધો હતો. આ પ્રસંગે શહેરના પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ તથા કેપિટલ કેમેરા કલબના કમિટિ મેમ્બર્સ કૌશિક ગજ્જર, દિપક વ્યાસ, કિરણ ગજ્જર તથા અન્ય ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતે ફોટોગ્રાફી કરી પોતાના ફોટોગ્રાફ આપ્યા હતા. આમ એક રીતે આ સ્પર્ધા સ્પોટ ફોટોગ્રાફી સ્પર્ધા પણ બની રહી હતી. આ સ્પર્ધાનું પરિણામ કેપિટલ કેમેરા કલબના આગામી વર્કશોપ દરમિયાન જાહેર કરવામાં આવશે. જેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમના વિજેતાઓને ઈનામો આપી સન્માનવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરનું કુદરતી સૌંદર્ય, આકર્ષક વનરાજી અને ભરપૂર હરિયાળી પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહી છે. વળી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ તથા બર્ડ વોચર્સ માટે પણ પસંદગીનું સ્થળ ગણાય છે. ચોમાસાની પહેલી સીઝનના વરસાદ બાદ અહીંનું સૌંદર્ય સોળે કળાએ ખિલી ઉઠે છે. આ સંજોગોમાં ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન એ પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ ઉપરાંત નવ યુવાન તસવીરકારો માટે પણ અનેરો લ્હાવો બની રહે છે. જો કે હાલ ગાંધીનગર ઉપરાંત અમદાવાદ ખાતે મોટી સંખ્યામાં વિવિધ ઈવેન્ટ ચાલી રહ્યા હોઈ અંદાજ કરતા ઓછા ફોટોગ્રાફર્સ આ સ્પર્ધામાં ભાગ લઈ શકયા હતા. આમ છતાં કેપિટલ કેમેરા કલબ દ્વારા સ્પર્ધાનું ઉત્સાહભેર સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

વાતવાતમાં

● ગાંધીનગર બ્રહ્મસમાજના ૫૭ યુવા સભ્યો ઉજ્જૈન ખાતે મહાકાલેશ્વર ઓમકારેશ્વર જયોર્તિલીંગના દર્શનાર્થે જવા રવાના થયા છે. દર વર્ષે શ્રાવણ માસમાં બ્રહ્મસમાજના સભ્યો દ્વારા એક ધાર્મિક પ્રવાસ યોજવામાં આવે છે.

● શહેરમાં આગામી તહેવારોના પગલે વિવિધ વાનગીઓની માંગમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. નાગપંચમીના દિવસે સૌથી વધુ ઈન ડીમાન્ડ રહેતા ખાજાની માંગ અત્યારથી વધતા તેના ભાવોમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે.

● શહેરમાં ગણેશોત્સવની તૈયારીઓનો પ્રારંભ થવા લાગ્યો છે. ગણેશોત્સવના આયોજકો દ્વારા મીટીંગો યોજી આયોજન માટે ચર્ચા વિચારણા ઉપરાંત જવાબદારી સોંપણી વગેરે કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.

● શહેરમાં નવરાત્રી માટે વિવિધ ગરબા કલાસીસ ગ્રૂપ દ્વારા અવનવા સ્ટેપ્સ અને લેટેસ્ટ સ્ટાઈલ શીખવાડવાની જાહેરાતો સાથે ખેલૈયાઓને ગરબા કલાસમાં જોડાવા પ્રેરિત કરાઈ રહ્યા છે. આ સાથે શહેરના શોખીન ખેલૈયાઓ દ્વારા પરંપરાગત વસ્ત્રો માટે સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં રૂબરૂ મુલાકાતો લેવાનું પણ ચાલુ કરી દેવાયુ છે.

સાદરામાં વર્ષામંગલ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમતગમત વિજ્ઞાન વિભાગ દ્વારા મ.દે.ગ્રામ સેવા મહાવિદ્યાલયના સહયોગથી વર્ષા મંગલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગીત ગુંજન ટૂકડી માર્ગદર્શક પ્રા. જગદીશ પરીખે તેમના સુમધુર કોયલ કંઠે વર્ષાઋતુ વધામણાનાં પ્રાકૃતિક ગીતો જેવા કે પાન લીલું જોયું તમે યાદ આવ્યા, અષાઢી સાંજના અંબર ગાજે, આભમાં ઝીણી ઝબુકે વીજળી રે, વાદલડી વરસી કે સરોવર છલી વળ્યાં, મોર બની થનગાટ કરે સહિતના ગીતો ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ધર્મેશ, અજય, રોહિત, બળવંત, દિનેશ અને અનિલ નામના વિદ્યાર્થીઓએ સુગમ સંગીતના તાલે સુર પુરાવ્યો હતો.

પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે ઉદઘોષકની ભૂમિકા ભજવી કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. ફેકલ્ટી ડીન ડૉ.જમનાદાસ સાવલિયાએ આભાર દર્શન કર્યું હતું.

બીએસએફ કેમ્પસમાંથી એક કોન્સ્ટેબલ ગુમ

બાઈક ખરીદવા ઘરેથી રૂ. ૨૨ હજાર લઈને નીકળેલો ટીસીએસમાં નોકરી કરતો માળી લાપતા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર આસપાસ વધુ બે વ્યકિતઓ ગુમ થયા હોવાની જાણવા જોગ પોલીસ મથકોમાં નોંધાવા પામી છે. જે પૈકી બીએસએફ કેમ્પસમાંથી એક જવાન ગુમ થવા પામ્યો છે જયારે ટીસીએસ કંપનીમાં માળી તરીકે નોકરી કરતો રાયસણનો યુવાન રૂ. ૨૨ હજાર સાથે લાપતા થવા પામ્યો છે. બંને પ્રકરણ અંગે પોલીસ મથકોમાં જાણવા જોગ થતા પોલીસે શોધખોળ શરૂ કરી છે.

ચિલોડા બીએસએફ કેમ્પસમાં દોઢ બે માસથી મુળ આંધ્રપ્રદેશથી આવેલો જવાન કોન્સ્ટેબલ શ્રીપનમલ્લ રાધાવિષ્ણુ આજે વહેલી સવારથી લાપતા થઈ ગયો છે. તમીલ ભાષામાં તેણે એક ચિઠ્ઠી પણ લખેલી છે. બીએસએફ ઈન્ટર્નલ કોસ કન્ટ્રી રનીંગ કોમ્પીટીશનની તાલીમ માટે આ જવાન ગાંધીનગર બીએસએફ આવ્યો હતો. રનીંગનો ખેલાડી કેમ ગુમ થઈ ગયો તે અંગે તથા શોધખોળ માટે ચિલોડા પોલીસે તપાસ શરુ કરી દીધી છે. તો બીજી તરફ રાયસણના રબારી વાસ ખાતે રહેતો અને ટીસીએસ કંપનીમાં માળી તરીકે કામ કરતો ૩૫ વર્ષીય યુવાન વિક્રમ રામાભાઈ ઠાકોર પણ બે દિવસથી ગુમ થઈ ગયો છે. ઘરેથી ૧૭ તારીખે બપોરે રૂ. ૨૨ હજાર લઈને બાઈક ખરીદવા જવાનું કહીને નીકળ્યો હતો. તે આજ દિન સુધી પરત ફર્યો નથી. વિક્રમના પત્નિ કેશરબેનની ફરિયાદ આધારે ઈન્ફોસીટી પોલીસે જાણવાજોગ નોંધીને શોધખોળ શરૂ કરી છે.

રોટરેકટ કલબ દ્વારા નિઃશુલ્કપણે નિદાન કેમ્પ યોજાશે

રોટરેકટ કલબ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૧ ઓગષ્ટના રોજ સવારના ૯.૦૦ થી બપોરના ૧.૦૦ કલાક દરમિયાન સેકટર-૨૨, રોટરી ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે નિઃશુલ્કપણે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્વાસ, દમ, પેટના રોગો અને પેશાબના રોગોનું નિષ્ણાંત ડોકટર દ્વારા નિદાન કરવામાં આવશે. આ નિદાન કેમ્પમાં શૈલ્ય હોસ્પિટલના ડૉ. અમિત ત્રિવેદી અને ડૉ. કૌશલ આનંદ તેમજ પી.એચ.સી હોસ્પિટલના ડૉ. જયંત ત્રિવેદી સેવા આપશે જેનો લાભ લેવા જણાવાયું છે.

ડભોડા નજીકની પ્રાથમિક શાળામાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૧૯

તસ્કરો હવે શાળાઓને ટાર્ગેટ બનાવી રહ્યા હોવાનું પોલીસ ચોપડા પરના રેકર્ડ પરથી કહી શકાય તેમ છે. તાજેતરમાં જ અન્ય પ્રાથમિક શાળામાં ઘરફોડ ચોરીનો બનાવ બનવા પામ્યો હતો. રક્ષાબંધનની રજા દરમિયાન ડભોડા પાસે સ્થિત આતાજીના છાપરા પ્રાથમિક શાળામાં તસ્કરો ત્રાટકયા હતા અને રૂમનું તાળુ તોડીને કોમ્પ્યુટર અને ઈલેકટ્રીક સગડીની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે શાળાના આચાર્યશ્રીની ફરિયાદને આધારે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ડભોડા નજીક સ્થિત આતાજીના છાપર પ્રાથમિક શાળાને ૧૬ ઓગષ્ટે સાંજે પાંચ વાગે તાળુ માર્યું હતું. ત્યારબાદ રક્ષાબંધનની રજા આવી અને આજે સવારે ૧૦ વાગ્યે શાળા ખોલવા સ્ટાફના માણસો ગયા ત્યારે શાળાના એક રૂમનું તાળુ તુટેલી હાલતમાં હતું. પ્રાથમિક શાળાના રૂમનું તાળુ તોડીને તસ્કરો અંદરથી એક જુનું કોમ્પ્યુટર અને ઈલેકટ્રીક સગડી મળી રૂ. ૨ હજારની મત્તાની ચોરી કરી ગયા હતા. આ મામલે શાળાના આચાર્ય રાજેશકુમાર કાંતિલાલ પટેલે પોલીસને જાણ કરતા ડભોડા પોલીસે આચાર્યની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને પીએસઆઈ એન.એમ. ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

રક્ષાબંધનના પવિત્ર દિવસે કારનું વિક્રમજનક વેચાણ

રક્ષાબંધન હવે માત્ર ભાઈ-બહેનના સ્નેહનો તહેવાર રહ્યો નથી. આ શુભ દિવસને નગરવાસીઓ નવા વાહન ખરીદી માટે શુકનવંતો માને છે. શહેરના સૌથી અદ્યતન ઓટોમોબાઈલ શો રૂમ પંજાબ હ્યુન્ડાઈ ખાતે રક્ષાબંધનના દિવસે ૩૪ કારનું વિક્રમજનક વેચાણ થવા પામ્યું હતું. જેમાં સૌથી વધુ ક્રેટા અને ગ્રાન્ડ આઈ-૧૦ કારનો સમાવેશ થાય છે. હવે રક્ષાબંધન નિમિત્તે કેટલાક સંપન્ન પરિવારના ભાઈ દ્વારા પોતાની બહેનને કારની ગીફટ આપવાનો ટ્રેન્ડ પણ જોવા મળી રહ્યો છે.

વણકર સમાજની જાહેરસભા મુલત્વી

ગાંધીનગર, તા.૧૯

વણકર સમાજની સંગઠન માટેની જાહેર સભા તા. ૨૦ ઓગષ્ટને શનિવારના રોજ બલરામ પરિસર, સેકટર-૧૨ ખાતે રાખવામાં આવી હતી તે અનિવાર્ય સંજોગોના કારણે હાલ પુરતી મુલત્વી રાખવામાં આવી છે તો આ અંગેની સમાજના તમામ સભ્યોએ નોંધ લેવી તેમજ સભા સ્થળે નહિ જવા મધુકર પરમારે અનુરોધ કર્યો છે.

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૧૬ ઓગષ્ટ ૨૦૧૬ ને મંગળવારે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. દરેક વર્ગોમાં બહેનોએ ભાઈઓને કંકુ-તિલક કરી રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વનો મહિમા દર્શાવતા ગીતો ગાઈને તેમજ કેટલાક બાળકોએ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની ગાથા વ્યકત કરતા વકતવ્યો રજુ કર્યા હતા. શાળાના શિક્ષિકા મેઘાબેન દવેએ પ્રસંગને અનુરૂપ બહેનની ત્યાગભાવના પ્રેરક વાર્તા કહી અને હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધન ઉજવણી કરી શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે રક્ષાબંધન તહેવારની દરેકને શુભેચ્છા પાઠવી હતી.

જે.બી. પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ બહેનોના સંયુકત પ્રયાસથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્યા નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને બાંધવામાં આવેલી રાખડીના સુરક્ષા કવચ સાથે શાળાના બાળકો સુરક્ષીત રહે તેવી ગુરૂભાવના વ્યકત કરી હતી. આ પ્રસંગે શાળાની શિક્ષિકા બહેનોએ વિદ્યાર્થીઓને કુમકુમનો ચાંદલો કરી રાખડી બાંધી હતી અને વિદ્યાર્થીઓના દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. સાથે સાથે શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનો વિકાસ થાય તે માટે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ પોતાની આવડત મુજબ સુંદર રાખડીઓનું સર્જન કર્યું હતું.

ભાઈ બહેનના અતૂટ પ્રેમની પ્રતીતિ કરાવતા રક્ષાબંધનના પર્વની ઉજવણીના ભાગરૂપે પર્વને અનુરૂપ ગીતો રજૂ કરી ઉજવણીને વિશેષ મહત્વ આપ્યું હતું. રેશમના તાંતણામાં ગજબની શકિત હોય છે જે ભાઈ બહેનને પારસ્પરિક પ્રેમ અને લાગણીની પ્રતીતિ કરાવે છે અને વિદ્યાર્થીઓ તેને સહારે દીર્ઘાયુ બને તેવી ભાવના આચાર્યા નીવાબેન પટેલે તથા શિક્ષક ભાઈ બહેનોએ વ્યકત કરી હતી.

વિ-કેર દ્વારા યોગ-વ્યસન મુકિત સેમિનાર યોજાયો

તાજેતરમાં વિ-કેર ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પાર્કના કર્મચારીઓ માટે ચાર દિવસનો યોગ સેમિનાર યોજાયો હતો. યોગ અને લાફીંગ દ્વારા શરીર અને મનનીતંદુરસ્તી કઈ રીતે સારી રાખી શકાય તેનું મૌખિક અને પ્રેકટીકલ નિદર્શન કરવામાં આવ્યું હતું. તદઉપરાંત ધ્યાન દ્વારા મનને કઈ રીતે શાંત અને સકારાત્મક કરી આપણા કર્મને સો ટકા કઈ રીતે કરાય તેની સમજ આપવામાં આવી હતી. આ સેમિનારમાં તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા દિવસે ૨૫ કર્મચારીઓએ વ્યસન મુકિતનો સંકલ્પ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.સી. પટેલ, રાજુ પટેલ અને અધિન આનંદ દ્વારા કરવામાં આવ્યું હતું.

સે-૨૪ ઈન્દીરાનગરમાં ખુલ્લેઆમ જુગાર રમતા છ શખ્સો પકડાયા

રૂ. ૫૫૬૦નો રોકડ મુદ્દામાલ જપ્ત મધરાતે બાજી માંડીને બેઠા હતા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સે-૨૪ ખાતે ઈન્દીરાનગર વિસ્તારમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે સે-૨૧ પોલીસે દરોડો પાડયો હતો. મધરાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં દરોડો પાડીને પોલીસે ધીરૂ શિવા દેવીપૂજક, રસુલ જમાલખાન બલોચ, સંજય દલસુખ દેવીપુજક, રાજેશ કાન્તિ પ્રજાપતિ, જગદીશ નટુભાઈ સોલંકી અને સંજય સમધનભાઈ સોલંકી મળીને છ શખ્સોની રોકડ રૂ. ૫૫૬૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલ્ચરલ ફોરમના ગરબા કલાસીસનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૯

નવરાત્રી પ્રારંભ થવાને આડે હવે માત્ર કેટલાક મહિનાઓ બાકી છે ત્યારે ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે ગરબા કલાસીસનું આયોજન કરવામાં આવ્યું છે. આ કલાસીસનો આજથી પ્રારંભ થઈ ચુકયો છે. સેંટ ઝેવિયર્સ સ્કુલ, સેકટર-૮ ખાતે બુધ, શુક્ર અને શનિવારે સાંજે શહેરના જાણીતા કોરીયોગ્રાફર્સ ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખવશે અને તેની પ્રેકટીસ કરાવશે. આ ગરબા કલાસીસમાં જોડાવા ઈચ્છતા સંસ્થાના સભ્યો શનિવારે સાંજે સેંટ ઝેવિયર્સ સ્કુલ ખાતે પહોંચી આયોજકોનો સંપર્ક કરી શકે છે.

શિક્ષકોના તેજસ્વી સંતાનો સન્માનાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી બેઠકમાં શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન શિક્ષકના તેજસ્વી સંતાન, વિશિષ્ટ શાળાઓ, શિક્ષકોને સન્માનિત કરવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. આ તબક્કે શિક્ષક મૃત્યુ સહાય તેમજ અસાધ્ય બિમારીના કિસ્સામાં પણ સહાય ચુકવવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મીઠાભાઈ પટેલના જણાવ્યા મુજબ જિલ્લા શિક્ષક ભવનમાં યોજાયેલી શિક્ષક સંઘની બેઠક દરમિયાન શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સંગઠન કામગીરી અંગે પણ સમીક્ષા કરાઈ હતી. આ પ્રસંગે જીસીઈઆરટી નિયામક ડૉ. ટી.એસ.જોષી, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ડૉ. એન.એમ. રાઠોડ, રાજય સંઘના કાર્યાધ્યક્ષ વિક્રમસિંહ ચાવડા, રાજયસંઘના પૂર્વ મહામંત્રી અને જિલ્લા સંઘના પૂર્વ પ્રમુખ બળદેવભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી ગુણવંતભાઈ પટેલ, રમણભાઈ પટેલ, પૂર્વ હોદ્દેદાર મહેન્દ્રભાઈ પટેલ, અનિલભાઈ કડીકર, સુભાષભાઈ ગોસ્વામી, નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર, જીતેન્દ્રભાઈ મોદી, ચાર તાલુકાના ચાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, કેળવણી નિરીક્ષકો, જિલ્લા સંઘના હોદ્દેદારો તથા ચારે તાલુકાના પ્રમુખ મંત્રીઓ અને કારોબારી સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં શિક્ષકનું મૃત્યુ થાય તો મૃત્યુ સહાય નિધીમાંથી દસ હજારની સહાય કરવામાં આવે છે તે અંતર્ગત બે શિક્ષકોને દસ હજારની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા અને શિક્ષક અસાધ્ય બિમારી અંતર્ગત પાંચ હજાર ચુકવવામાં આવે છે જે મુજબ બે શિક્ષકોને દસ હજારના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત શિક્ષકોના તેજસ્વી તારલાને દર વર્ષે પ્રથમ ક્રમને ૨૫ ગ્રામ, દ્વિતીય ક્રમને ૨૦ ગ્રામ અને તૃતીય ક્રમને ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવે છે જેમાં આ વર્ષે ૧૫ શિક્ષક સંતાનોને વિવિધ ક્ષેત્રોમાં ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવ્યા અને બાકી શિક્ષક સંતાનોના ૧૦૫ બાળકોને સ્કૂલબેગ આપી પ્રોત્સાહિત ઈનામથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રાસંગિક ઉદબોધનમાં જિલ્લા સંઘના પૂર્વપ્રમુખ બળદેવભાઈ ચૌધરી દ્વારા સંગઠનને મજબૂત બનાવવા માટે હાકલ કરવામાં આવી અને સાથે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પણ અપીલ કરવામાં આવી. જીસીઈઆરટીના નિયામક ડૉ. ટી.એસ. જોષી દ્વારા જિલ્લા સંગઠન દ્વારા થતી પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવી અને જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ દ્વારા શિક્ષક સહાય યોજનાઓથી ખૂબ જ પ્રભાવિત થયા અને સંગઠન દ્વારા થતી રચનાત્મક પ્રવૃત્તિને તેમના દ્વારા બિરદાવવામાં આવી હતી અને સંગઠન અને શિક્ષણ શાખા સાથે મળી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પણ ખભેખભા મિલાવી કામ કરવાની હિમાયત કરી હતી. સાથે સન્માન કાર્યક્રમની આભારવિધિ જિલ્લા સંઘના ખજાનચી પી.ટી. ઠાકોર દ્વારા કરવામાં આવી હતી અને સન્માન કાર્યક્રમનું સંચાલન રાજય સંઘના કાર્યાધ્યક્ષ વિક્રમસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

અવસાન નોંધ

સ્વ. દિનેશચંદ્ર રવજીભાઈ ઠકકરનું ગત તા. ૧૮ ઓગષ્ટના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૧ ઓગષ્ટને રવિવારના રોજ બપોરના ૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન ઉમા ભવન ઉમિયા માતાજી મંદર, પથિકાશ્રમ હોટલની સામે સેકટર-૧૨ ખાતે રાખવામાં આવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. વાઘેલા ભાવસિંહ માનસિંહ, ઉ.વ.૮૫
- સ્વ. ઠાકોર સંગ્રામજી છનાજી, ઉ.વ.૪૬
- સ્વ. બિહોલા ભીખાજી કેશાજી, ઉ.વ.૫૦
- સ્વ. બારોટ વિપુલકુમાર રમણલાલ, ઉ.વ.૩૫
- સ્વ. વાઘેલા રામાજી જીવાજી, ઉ.વ.૮૫